Victim Support
Helping people cope with crime

# Thank you for using our service
# અમારી સેવાનો ઉપયોગ કરવા બદલ તમારો આભાર

### અમારી સેવાનો ઉપયોગ કરવા બદલ તમારો આભાર

અમે આશા રાખીએ કે વિક્ટિમ સપોર્ટનો સંપર્ક કરવાથી તમને મદદ થઈ હશે.

અમે જાણીએ છીએ કે ગુનાની પ્રતિક્રિયા લોકોમાં ઘણી જુદી જુદી થાય છે, અને જે બન્યું હોય તેને સહી લેવા માટે લોકોની જરૂરતો અને રીતો જુદી જુદી હોય છે. આ પ્રક્રિયામાં મદદ કરવા માટે વિક્ટિમ સપોર્ટ હાજર છે.

એ પણ સાચું છે કે મોટા ભાગનાં લોકોને ક્યારેક એવું લાગશે કે હવે ભૂતકાળની ઘટનાઓ ભૂલીને આગળ વધવાનું છે અને ત્યારે તેમણે વિક્ટિમ સપોર્ટ સાથે નિયમિત સંપર્ક કરવાની જરૂર નહિ રહે.

### તમને જરૂર પડે તો અમે હજુ અહીં જ છીએ

એ જાણવાનું અગત્યનું છે કે તમે ઈચ્છો તો ફરીથી, ભવિષ્યમાં ઘણા સમય બાદ પણ ગમે તે સમયે તમે વિક્ટિમ સપોર્ટનો સંપર્ક કરી શકો છો. જો તમને કે તમે જાણતાં હો તેવા કોઈને અમારી ફરીથી જરૂર પડે, તો અમે ત્યાં હાજર હોઈશું. અમારી સેવાનો ઉપયોગ કરવા ઉપર કોઈ સમય મર્યાદા નથી.

કેટલીકવાર કોઈ ઘટનાની વાર્ષિક તિથિ અથવા કેસમાં કોઈ બાબત આગળ વધવાને લીધે લોકોને વિક્ટિમ સપોર્ટનો ફરીથી સંપર્ક કરવાનું ઉપયોગી લાગે છે. પણ અમારી સાથે ફરીથી વાત કરવા માટે તમારે કોઈ ખાસ કારણની જરૂર નથી.

તમારી સ્થાનિક વિક્ટિમ સપોર્ટ સ્કીમનો સંપર્ક કરવાની વિગતો આ પત્રિકાની પાછળ છાપેલી છે.

જો તમે ઘર બદલો અથવા બીજાં કોઈ કારણસર તમારી સ્થાનિક સેવાનો સંપર્ક કેવી રીતે કરવો તેની તમને ખબર ન પડતી હોય, તો તમે વિક્ટિમ સપોર્ટલાઈનને ફોન કરી શકો છો. વિક્ટિમ સપોર્ટલાઈન અમારી રાષ્ટ્રિય લો-કોલ ટેલિફોન હેલ્પલાઈન છે. તાલીમ મેળવેલા કર્મચારીઓ અને સ્વયંસેવકો, ગુનાનો ભોગ બનેલાં લોકોને તદ્દન ખાનગીમાં સહાય અને માહિતી પૂરી પાડે છે. તેઓ તમને તમારી સ્થાનિક વિક્ટિમ સપોર્ટનો અથવા વિટનેસ સર્વિસનો પણ સંપર્ક કરાવી આપી શકે છે.

## વિક્ટિમ સપોર્ટલાઈન
## 0845 30 30 900

Victim Support
Helping people cope with crime

## અમારી સેવા વિશે તમારાં મંતવ્યો

વિક્ટિમ સપોર્ટ હંમેશાં તેનાં કામોમાં સુધારા કરવાના ઉપાયો શોધે છે. આ કરવામાં અમારી મદદ કરવા માટે, અમારી સેવા વિશેનાં તમારાં મંતવ્યો અને વિક્ટિમ સપોર્ટનો ઉપયોગ કરવાના તમારા અનુભવો અમે જાણવા માગીએ છીએ.

તમે અમને આપશો તે બધી જ માહિતીનો ઉપયોગ ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની અમારી સેવાઓમાં સુધારા કરવા માટે કરવામાં આવશે અને તે વિક્ટિમ સપોર્ટ પાસે જ ખાનગી રહેશે.

અમારી સેવા વિશેનાં સૂચનો અને ટીકાઓને આવકારવાની સાથે સાથે, વિક્ટિમ સપોર્ટ ફરિયાદોને પણ ઘણી ગંભીરતાપૂર્વક લે છે. તમને વધારે વિગતો જોઈતી હોય, તો કૃપા કરીને તમારી સ્થાનિક વિક્ટિમ સપોર્ટ સ્કીમનો અથવા નેશનલ ઓફિસનો સંપર્ક કરો (પાછળનું પાનું જુઓ).

## તમે ઉઠાવવા માગતાં હો તે મુદ્દા

વ્યક્તિગત લોકોને સેવાઓ પૂરી પાડવાની સાથે સાથે, વિક્ટિમ સપોર્ટ ગુનાની અસરો અંગે જન જાગૃતિ વધારવા માટે પણ કામ કરે છે અને અમે ગુનાનો ભોગ બનેલાં લોકોના અધિકારોને બઢતી આપીએ છીએ.

ગત વર્ષો દરમ્યાન, ગુનાનો ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓ સાથે જે રીતે વ્યવહાર કરવામાં આવે છે તેમાં અમે ઘણા મોટા સુધારા કરવામાં સફળ બન્યા છીએ. આ સફળતા ગુનાનો ભોગ બનેલાં જે લોકો સાથે અમે કામ કરીએ છીએ તેમની જરૂરતો અને ચિંતાઓ વિશેની અમારી જાણકારીને લીધે મળી છે.

તમારાં મંતવ્યો સાંભળવાની અમારી ઘણી જ ઈચ્છા છે. એવી કોઈ બાબતો છે જે તમારા વિચાર મુજબ અમારે જાણવી જોઈએ? આ કદાચ ગુનાઓના ન્યાયની પદ્ધતિના તમારા અનુભવ અંગેની હોઈ શકે, પરંતુ તે બીજી સંસ્થાઓ કે વ્યક્તિઓએ જે રીતે તમારી વાતનો પ્રતિસાદ આપ્યો હોય તેને લગતી પણ હોઈ શકે.

## તમે કેવી રીતે મદદ કરી શકો

વિક્ટિમ સપોર્ટ ગુનાનો ભોગ બનેલાં લોકો માટેની એક રાષ્ટ્રિય ચેરિટી (ધર્માદા સંસ્થા) છે. અમે એક સ્વતંત્ર સંસ્થા છીએ અને ગુનાની પોલીસને જાણ કરવામાં આવી હોય કે ન કરવામાં આવી હોય, અમે મફત અને ખાનગી સેવા પૂરી પાડીએ છીએ. અમારી સેવાઓ જાળવી રાખવા માટે અમે જાહેર ટેકા ઉપર આધાર રાખીએ છીએ.

અમારા કામમાં સંકળાવા માટેના ઘણા જુદા જુદા રસ્તા છે, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છેઃ

- સ્વયંસેવક બનવું
- દાન કરવું
- વિક્ટિમ સપોર્ટના સમર્થક બનવું
- અમારા કામની જાહેરાતો કરવામાં મદદ કરવી

Victim Support
Helping people cope with crime

## દાન કરવું

ગુનાનો ભોગ બનેલાં લોકો માટે વધારે કામો કરવામાં તમે અમારી મદદ કરવા માગતાં હો, તો તમે કદાચ દાન કરવાનું કે તમને અનુકૂળ હોય તેવી રીતે નિયમિતપણે કોઈ ભેટ આપવાનું વિચારી શકો. વિક્ટિમ સપોર્ટ માટે વારસામાં કંઈ મૂકી જવું હોય તો તેની માહિતી પણ અમે તમને આપી શકીએ છીએ.

વધારે માહિતી માટે, કૃપા કરીને નેશનલ ઓફિસમાં ભંડોળ ઉઘરાવનાર ટીમનો અથવા તમારી સ્થાનિક વિક્ટિમ સપોર્ટની શાખા કે વિટનેસ સર્વિસનો સંપર્ક કરો.

## તમારો સમય આપવો

જો તમે, અથવા તમે જાણતાં હો તેવી કોઈ વ્યક્તિ, ગુનાની અસર પામેલાં લોકોના જીવનમાં તફાવત લાવવા માગતાં હોય, તો તમે કદાચ ભવિષ્યમાં ક્યારેક વિક્ટિમ સપોર્ટના એક સ્વયંસેવક બનવાનું વિચારી શકો. વિક્ટિમ સપોર્ટના સ્વયંસેવકો સમાજનાં બધાં ક્ષેત્રો અને વ્યવસાયોમાંથી આવતાં હોય છે. તેમને જોડતી એક સમાન બાબત એ છે કે તેમને લોકોમાં રસ હોય છે અને ગુનાની અસર પામેલાંને મદદ કરવાની ઈચ્છા હોય છે.

તમારી સ્થાનિક વિક્ટિમ સપોર્ટ સ્કીમ અથવા વિટનેસ સર્વિસ તમારી સાથે ગુનાનો ભોગ બનવાના તમારા પોતાના અનુભવ અને સ્વયંસેવક બનવા સાથે તે કેવી રીતે સંબંધિત હોઈ શકે તે સહિતના બીજા કોઈ પણ મુદ્દા વિશે ચર્ચા કરશે.

બીજી રીતે મદદ કરવાની પણ તકો છે, દાખલા તરીકે, ભંડોળ ઉઘરાવવું, ઓફિસના વહીવટમાં અથવા ભાષાંતર કરનાર અને દુભાષિયા તરીકે કામ કરવું અથવા આઈ.ટી.ની સહાયતા આપવી.

## વિક્ટિમ સપોર્ટનો સંપર્ક કરવો

તમારી સ્થાનિક વિક્ટિમ સપોર્ટ સ્કીમ

વિક્ટિમ સપોર્ટ દ્વારા પ્રકાશિત
પ્રેસિડેન્ટ એચ.આર.એસ. ધ પ્રિન્સેસ રોયલ

Victim Support National Office, Cranmer House
39 Brixton Road, London SW9 6DZ
ફોનઃ 020 7735 9166 ફેક્સઃ 020 7582 5712
વેબઃ www.victimsupport.org

ચેરિટી રજિસ્ટ્રેશનઃ 298028 કંપની નંબરઃ 2158780
ઇંગ્લેન્ડમાં રજિસ્ટર્ડ લિમિટેડ બાય ગેરંટી
રજિસ્ટર્ડ ઓફિસ ઉપર મુજબ.

એપ્રિલ 2002